**માહિતી પત્રક -૧**

**જીલ્લાનું નામ : નડિયાદ**

**તા. ૨૪.૫.૨૦૧૩ ના રોજ નડિયાદ મુકામે યોજવામાં આવેલ લોક દરબારમાં આવેલ ફરિયાદોની વિગત :**

| અ.નં. | તારીખ | ફરિયાદીનું નામ / સરનામુ / પેટા વિભાગની વિગત | સંપર્ક નંબર | ફરિયાદની વિગત | ફરિયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓના નામ / નંબર | કંપનીએ સ્થળ પર આપેલ જવાબ | નિકાલ માટે આપેલ સમય મર્યાદા | અંતિમ નિકાલની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૨૪.૫.૧૩ | શ્રી મગનભાઇ રાધાભાઇ રાઠોડ, ગામ. લસુન્દ્રા / મહેમદાવાદ વિભાગીય કચેરી, / કઠલાલ સ.ડી. | | ઝુપડપટ્ટીમાં વીજ જોડાણ આપવા બાબત. | નાયબ ઇજનેર, કઠલાલ / ૯૯૨૫૨૦૮૪૦૪ | અરજદારોને આકારણીપત્રક રજુ કરવા જણાવવામાં આવેલ છે. | આકારણી પત્રક રજુ થયેથી ૩૦ દિવસમાં વીજ જોડાણો આપી દેવામાં આવશે. | તા. ૨.૮.૧૩ સુધી રજુ થયેલ નથી. |
| ૨ | ૨૪.૫.૧૩ | વિશ્વકર્મા સોસાયટીના સભ્યો, માઇમંદિર રોડ, નડિયાદ / નડિયાદ શહેર વિભાગીય કચેરી / નડિયાદ વેસ્ટ પેટા વિભાગીય કચેરી | | પુરતા વોલ્ટેજ ન મળવા બાબત. | નાયબ ઇજનેર, નડિયાદ - વેસ્ટ / ૯૯૨૫૨૦૮૩૭૮ | સદર સોસાયટી વિસ્તારમાં હયાત સીંગલ ફેઇઝ થી વાયર હળવા દબાણની લાઇનને થ્રી ફેઇઝ પાંચ વાયર એબીસી નાખી બદલેલ છે તથા મરામતનું કામ તુરત જ પૂર્ણ કરેલ છે. ત્યારબાદ વોલ્ટેજ માપતા ૨૩૨ વોલ્ટ માલુમ પડેલ છે. | | તા. ૨૫.૫.૧૩ ના રોજ ફરિયાદનો નિકાલ કરેલ છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨૪.૫.૧૩ | શ્રી દિલીપભાઇ શંકરભાઇ પ્રજાપતિ, મધુવન સોસાયટી, હરીહર કોમ્પ્લેક્ષ, મહેમદાવાદ વિભાગીય કચેરી / કઠલાલ સ.ડી. | | અનિયમીત વીજ પુરવઠો મળવા બાબત. | નાયબ ઇજનેર, કઠલાલ / ૯૯૨૫૨૦૮૪૦૪ | ગ્રાહકની રૂબરૂમાં સદર જગ્યાએ વોલ્ટેજ માપતાં ફેઇઝ અને ન્યુટ્રલ વચ્ચે ૨૫૦ વોલ્ટેજ આવે છે તે જોતાં વીજ પુરવઠો પુરતો મળે છે. | | ગ્રાહકને રૂબરૂ સમજાવેલ છે. |
| ૪(૧) | ૨૪.૫.૧૩ | શ્રી રમણભાઇ તળસીભાઇ પટેલ, ભારતીય જનતા પાર્ટી કિસાન મોર્ચા, કપડવંજ તાલુકાના પ્રમુખશ્રી - મહેમદાવાદ વિભાગીય કચેરી / ખેડા સ.ડી. | | ખેડા / આણંદ જીલ્લાના વર્તુળ કચેરી હેઠળની ઓફિસોમાં ખેડૂતોના તત્કાલ યોજના હેઠળ અપાયેલ વીજ જોડાણો ઉપર સીંગલ ફેઇઝ મીટર ફરજીયાત મુકવામાં આવેલ છે, જેનો ઉપયોગ ખેડૂતો કરતાં નથી તો મીટર હટાવી લેવા બાબત. | અધીક્ષક ઇજનેર, આણંદ વર્તુળ કચેરી / નડિયાદ વર્તુળ કચેરી / ૯૯૨૫૨૦૮૨૭૧ (આણંદ) ૯૯૨૫૦૪૧૮૦૬ (નડિયાદ) | ખેડા / આણંદ જીલ્લાના વર્તુળ કચેરી હેઠળની ઓફિસોમાં ખેડૂતોના તત્કાલ યોજનામાં ખેતીવાડી વીજ જોડાણો પર સીંગલ ફેઇઝ મીટર ફરજીયાત મુકવામાં આવેલ છે. જે તે વખતના તત્કાલ યોજનામાં આવેલ નિયમ મુજબ મુકવામાં આવેલ છે. જયાં ખેડૂતને તેમના કુવા પર બાંધેલ ઓરડીમાં વીજ વપરાશ ખેતીસિવાય કરતાં ન હોય તેવા સંજોગોમાં નવો ટેસ્ટ રીપોર્ટ આપી દૂર કરી શકાય તેમ છે, જેની ખાત્રી જે તે વિભાગના નાયબ ઇજનેરશ્રી સ્થળ પર મુલાકાત લઇ ચેક કર્યા બાદ વીજ વપરાશ ન થતો હોય તો તેવા સીંગલ ફેઇઝ કનેકશનો દૂર કરી શકશે. | | નિકાલ થયેલ છે. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪(૨) | | | | ગ્રામીણ વિસ્તારમાં જીવન નિર્વાહ માટે ખેડૂતોએ ખેતી સાથે પશુપાલન,ડેરી ઉદ્યોગ માટે પોતાના ખેતરમાં ગાય, ભેંસ માટે તબેલા બનાવેલ છે. જેના પર કોમર્સીયલ બેઇઝ પર સીંગલ ફેઇઝ લાઇટ જેજીવાય માંથી લાઇટ આપવા માટે વિનંતી જેમાં આણંદ આણંદ સર્કલના ઓડ, ઉમરેઠ, ખંભોળજ, સારસા વિગેરે ગામોમાં મત્સ્ય ઉદ્યોગ, પાલ્ટ્રી ઉદ્યોગ, ગાય-ભેંસ તબેલા ઉદ્યોગને ૧૯૯૩ માં એન.એ. મંજુરી સિવાય કનેકશન આપેલ છે તો આવા કનેકશનો ખેડા જીલ્લાના પશુપાલકોને આપવા વિનંતી. | અધીક્ષક ઇજનેર, આણંદ વર્તુળ કચેરી / નડિયાદ વર્તુળ કચેરી / ૯૯૨૫૨૦૮૨૭૧ (આણંદ) ૯૯૨૫૦૪૧૮૦૬ (નડિયાદ) | ગ્રામ્ય વિસ્તારમાં જીવન નિર્વાહ માટે ખેડૂતોને પશુપાલન, ડેરી વિભાગ તેમજ પોતાના ખેતરમાં ગાય-ભેંસ માટે જેમાં પરિપત્ર નં. ૧૪૨૬ તા. ૪.૪.૧૩ દ્વારા તેઓને કોમર્સીયલ બેઇઝ પર ત્રણ કિ.વો. સુધીનું સીંગલ ફેઇઝ લાઇટ કનેકશન સતત ૨૪ કલાક ખેતીવિષયક ફીડર પરથી આપવામાં આવે છે, | | નિકાલ થયેલ છે. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪(૩) | | | | ખેડા જીલ્લાના કપડવંજ તાલુકાના છ હજાર કનેક્શનો ખેતીવિષયક તથા ચાલીસ હજાર સીંગલ કનેકશનો તથા પાંચ સબસ્ટેશન આવેલા છે, જેમાં ૧૨ હેલ્પરો આપેલા છે તે ઘણા ઓછા ગણાય તો વીજ સહાયકોને વધુમાં વધુ સ્ટાફ ફાળવવા બાબત. | અધીક્ષક ઇજનેર, આણંદ વર્તુળ કચેરી / નડિયાદ વર્તુળ કચેરી / ૯૯૨૫૨૦૮૨૭૧ (આણંદ) ૯૯૨૫૦૪૧૮૦૬ (નડિયાદ) | ખેડા જીલ્લાના કપડવંજ તાલુકાના છ હજાર ખેતીવિષયક કનેકશનો તેમજ ચાલીસ હજાર સીંગલ ફેઇઝ કનેકશનો અને પાંચ સબસ્ટેશનો વચ્ચે ૧૨ હેલ્પરો આપેલા છે. મ.ગુ.વી.કં.લી.દ્વારા સમયાંતરે કાર્યભારને અનુલક્ષીને ઉપલબ્ધ કર્મચારીઓની સંખ્યાની સમીક્ષા કરવામાં આવે છે, અને તે અનુસાર જરૂર જણાયે વધુ કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે છે. | | નિકાલ થયેલ છે. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪(૪) | | | | ખેડૂત ખાતેદારના ૭/૧૨ ના ઉતારામાં બે જુદા જુદા નામ હોય જેમાં એક ખેડૂતના નામે ૪૦ / ૪૦ ગુંઠા જેનો ખાતા નંબર જુદા હોય તથા બીજા ખેડૂતના નામે ૪૦ ગુંઠા જમીન હોય બંને ખેડૂતના ખાતા નંબર જુદા હોય તો ખેડૂત ખાતેદાર અલગ ગણાય, જેતે ખેડૂતને તેના નામ પૈકી એક પૈકી બે ગણીને કનેકશન આપવું. | અધીક્ષક ઇજનેર, આણંદ વર્તુળ કચેરી / નડિયાદ વર્તુળ કચેરી / ૯૯૨૫૨૦૮૨૭૧ (આણંદ) ૯૯૨૫૦૪૧૮૦૬ (નડિયાદ) | ખેતી વિષયક વીજ જોડાણની નોંધણી કરાવતી વખતે ૭/૧૨ ના ઉતારામાં ફક્ત એક જ સર્વે નંબર નોંધાયેલ હોય ત્યારબાદ વારસાઇના ધોરણે ભાગે આવતી જમીનમાં અલગ અલગ માલિકી હકક પ્રસ્થાપિત થયા બાદ નવા ૭/૧૨ ના ઉતારામાં અલગ સર્વે નંબર જેમ કે, પૈકી ૧ તથા પૈકી ૨ પડયા બાદ હકકપત્રકમાં અલગ એન્ટ્રી અને ટીકા નકશામાં તલાટી દ્વારા અલગ સર્વે નંબરની એન્ટ્રીવાળા દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી બીજા સર્વે નંબરમાં અલગ વીજ જોડાણ આપી શકાય. **પ્રવર્તમાન નિયમો મુજબ જેસ્થળે કુવો / બોર હોય તે જમીન ઓછામાં ઓછી બે એકર જે તે અરજદાર ખેડૂતના નામે હોવી જરૂરી છે.** | | નિકાલ થયેલ છે. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪(૫) | | | | વીજ નિયમન પંચ હેઠળ ગુજરાતના પ્રમાણીત વિસ્તાર તથા શહેરી વિસ્તારમાં વીજદરમાં ૫૦ પૈસાનો ફેર છે, તો શહેરી વિસ્તારના લોકોને રાહત કરવા પહેલાં ૫૦ યુનિટના રૂ. ૨.૫૦ છે જેના બદલે ૧૦૦ યુનિટના રૂ. ૨.૫૦ લેવા ત્યારપછીના ૧૫૦ થી ૨૦૦ યુનિટના રૂ. ૩/- લેવા તથા ૨૦૦ યુનિટથી ઉપરના રૂ. ૪/- લેવા જેથી કરીને શહેરી વિભાગના લોકોને લાભ થાય. | અધીક્ષક ઇજનેર, આણંદ વર્તુળ કચેરી / નડિયાદ વર્તુળ કચેરી / ૯૯૨૫૨૦૮૨૭૧ (આણંદ) ૯૯૨૫૦૪૧૮૦૬ (નડિયાદ) | વીજ નિયમન પંચ હેઠળ ગુજરાતના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં વીજદરમાં ૫૦ પૈસાનો ફેર છે, સદર ટેરીફનો લાભ શહેરી વિસ્તારને આપવા અંગેનો નિર્ણય વીજ નિયમન પંચ દ્વારા લઇ શકાય તેમ હોવાથી સદર રજુઆત વીજ નિયમન પંચને કરી શકાય. | | નિકાલ થયેલ છે. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪(૬) | | | | દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં પોતાના સર્વે નંબરમાં બોર / કુવો પાણીના કારણસર બંધ થઇ જાય પોતાના સર્વે નંબરમાં કોઇપણ ખૂણાએ બોર / કુવો બનાવે તો પોતાના કેબલથી ૨૦૦ મીટર સુધી ફેરવવા માટે મંજુરી આપવી. કારણ કે, ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ૧૦૦ હો.પા.ના કનેકશનવાળો પોતાના પ્લોટમાં કોઇપણ જગ્યાએ પોતાનો કેબલ લાંબો કરી પાવર વાપરી શકે છે, તો નાના ખેડૂતોને પોતાના ખેતરમાં કેબલ લાંબો કરી કનેકશન ચાલુ કરવા માટે મંજુરી આપવી તથા માંગેલ સર્વે નંબરમાં શીફ્ટ કરવા માટે એસ્ટીમેટમાં રાહત આપવી. | અધીક્ષક ઇજનેર, આણંદ વર્તુળ કચેરી / નડિયાદ વર્તુળ કચેરી / ૯૯૨૫૦૪૧૮૦૬ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં પોતાના સર્વે નંબરમાં બોર / કુવો પાણીના કારણસર બંધ થઇ જાય તો તે જ સર્વે નંબરના કોઇપણ ખૂણે બોર / કુવો બનાવી શકે છે, ખેડૂતે જયાં વીજ મીટર મુકેલ છે ત્યાંથી નવો કેબલ પોતાના ખર્ચે લાવી તથા લંબાવી સલામતિના પાસાઓને લક્ષમાં રાખીને નવી જગ્યાએ કનેકશન વીજ વિતરણ પરિપત્ર નં. જીયુવીએનએલ / ટેક / વીજ વિતરણ / આરએસપી / ૭૦ તા. ૧૨.૨.૦૯ મુજબ ચાલુ કરી શકે છે, જે માટે તેઓએ સંલગ્ન કચેરીએ સાદા કાગળ પર અરજી કરી નવો ટેસ્ટ રીપોર્ટ રજુ કરી, ટેસ્ટ રીપોર્ટ ફી ભરવાની રહેશે. નવા કુવા / બોર ઉપર પોઇન્ટ ઓફ સપ્લાય બદલ્યા સિવાય તેમજ અંતરની મર્યાદા સિવાય કરારીત વીજભાર વાપરી શકાશે. | | નિકાલ થયેલ છે. |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪(૭) | | | | ગુજરાતના ખેડૂતોને વારસાગત નામ ફેરફાર કરવા માટે સીંગલ ફેઇઝ તથા થ્રી ફેઇઝ નામફેર કરવા માટે રૂા. ૫૦૦૦/- લેવામાં આવે છે તથા સીંગલ ફેઇઝ માટે રૂા. ૧૫૦૦/- લેવામાં આવે છે તો મોટર વ્હીકલ નિયમ ૧૩૩ (બ) મુજબ આવનાર અને જનાર સંમતિ લખી આપે તો કનેકશન ટ્રાન્સફર થઇ શકે તો આ નિયમમાં ફેરફાર કરી આપવા બાબત. | અધીક્ષક ઇજનેર, આણંદ વર્તુળ કચેરી / નડિયાદ વર્તુળ કચેરી / ૯૯૨૫૨૦૮૨૭૧ (આણંદ) ૯૯૨૫૦૪૧૮૦૬ (નડિયાદ) | ગુજરાતના ખેડૂતોને વારસાગત નામફેર કરાવવા માટે રજીસ્ટ્રેશન ચાર્જ પેટે (૧) ખેતી વિષયક - રૂા. ૩૦૦/- (૨) ઘરગથ્થુ - સીંગલ ફેઇઝ રૂા. ૨૦/- અને થ્રી ફેઇઝ રૂા. ૧૦૦/- તથા (૩) વાણિજય હેતુ - સીંગલ ફેઇઝ રૂા. ૧૦૦/- અને થ્રી ફેઇઝ રૂા. ૪૦૦/- લેવામાં આવે છે. તદ્દુપરાંત સિક્યોરીટી ડીપોઝીટ પેટે અગાઉ ભરપાઇ થયેલ ડીપોઝીટની રકમ બાદ કરી પ્રવર્તમાન નિયમ મુજબ તફાવતની રકમ લેવામાં આવે છે તથા મોટર વ્હીકલ નિયમ-૧૩૩ (બ) આ સંસ્થાને લાગુ પડતો નથી. | | નિકાલ થયેલ છે. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪(૮) | | | | દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં જેવા કે પાણીની અછતવાળા વિસ્તારમાં નજીકની જગ્યાએ નદી, તળાવ કે કેનાલના પાણીના સ્ત્રોતવાળી જમીનમાં ખેડૂત કનેકશન શીફ્ટ કરવા માટે કલેકટર પાસે બે ગુઠા જમીનની માંગણી કરે તો મંજુરી આપવા કલેકટરશ્રીએ જાણ કરવી જેથી કરીને ખેડૂતોને પાણીની સુવિધામાં રાહતરૂપ થાય. | અધીક્ષક ઇજનેર, આણંદ વર્તુળ કચેરી / નડિયાદ વર્તુળ કચેરી / ૯૯૨૫૨૦૮૨૭૧ (આણંદ) ૯૯૨૫૦૪૧૮૦૬ (નડિયાદ) | સદર બાબત મ.ગુ.વી.કં.લી. ના કાર્યક્ષેત્ર કે સત્તાધિકારમાં આવતી ન હોવાથી ખેડૂત જાતે કલેકટર કચેરીને સંપર્ક કરી અરજી આપી શકે છે. | | નિકાલ થયેલ છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨૪.૫.૧૩ | શ્રી મુનીરમીંયા હસુમીંયા મલેક, શેખનો કુવો, ચુનાના ભઠ્ઠા પાછળ, મરીડા રોડ, નડિયાદ - નડિયાદ શહેર વિભાગીય કચેરી / નડિયાદ - પૂર્વ સ.ડી. | | સીંગલ ફેઇઝ વીજ જોડાણ આપવામાં હેરાનગતિ કરવા બાબત. | નાયબ ઇજનેર, નડિયાદ - પૂર્વ / ૯૯૨૫૨૦૮૩૮૯ | અરજદારશ્રીએ તા. ૩.૭.૧૨ ના રોજ સીંગલ ફેઇઝ ઘર વપરાશના વીજ જોડાણ માટે માંગણી કરેલ, જેની મોજણી કરતાં તેઓશ્રી ભેંસોના તબેલા માટે વીજ જોડાણ વાપરવાના હોવાનું જણાયેલ જેથી તેઓને વાણિજ્ય હેતુ માટે અરજી કરવા તથા ખેતીવાડી માટે વીજ જોડાણનો ઉપયોગ કરીશું નહિ તેવી બાંહેધરી આપવા માટે તા. ૧૨.૭.૧૨ ના રોજ જણાવવામાં આવેલ. જે અનુસંધાને અરજદારે વિભાગીય કચેરી, નડિયાદને તા. ૨૫.૭.૧૨ ના રોજ પત્ર લખી ફરિયાદ કરેલ છે. જે અંગે જરૂરી તપાસ કરી તા. ૨૦.૯.૧૨ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ. પરંતુ, તેઓને અસંતોષ ઉભો થતાં તા. ૩.૧૦.૧૨ ના રોજ કલેકટરશ્રીને લોક ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજુઆત કરેલ. પરંતુ, તેઓ ગેરહાજર રહેલ. આજરોજ લોકદરબારમાં તેઓને નવા જોડાણ માટે નવેસરથી પુરતા દસ્તાવેજ એટલે કે સાધનીક કાગળો સહીત અરજી કરવા જણાવવામાં આવેલ છે. | દસ્તાવેજી પુરાવાઓ સહીતની અરજીની નોંધણી કરાવ્યેથી ક્રમાનુસાર વીજ જોડાણ સ્થળ ચકાસણી કર્યા બાદ આપવામાં આવશે. | ગ્રાહક દ્વારા તા. ૧૮.૬.૧૩ સુધી અરજી નોંધણી કરાવેલ ન હોઇ, પેટા વિભાગીય કચેરી - નડિયાદ પૂર્વ દ્વારા ગ્રાહકને પત્ર લખવામાં આવેલ છે. આમ, નિકાલ થયેલ છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨૪.૫.૧૩ | શ્રી નારણભાઇ મંગળદાસ મીસ્ત્રી, ૨૫, શાંતિનગર, નાના કુંભનાથ રોડ, નડિયાદ - નડિયાદ શહેર વિભાગીય કચેરી, નડિયાદ પૂર્વ સ.ડી. | | નડિયાદ શહેરમાં રસ્તામાં અડચણકર્તા અને અકસ્માત થાય તેવા થાંભલા પ્રજાહિત માટે દૂર કરવા બાબત. | નાયબ ઇજનેર, નડિયાદ - પૂર્વ / ૯૯૨૫૨૦૮૩૮૯ | શાંતિનગર સોસા. તથા વકીલ સોસા. પાસે રસ્તામાં નડતરરૂપ હળવા દબાણની લાઇનના બે થાંભલા ખસેડવા માટેની તાંત્રિક મંજુરી તા. ૧૨.૪.૧૩ ના રોજ આપવામાં આવેલ છે. | શટ-ડાઉનને આધીન સદર કામગીરી કરવાની હોવાથી સ્થાનિક રહીશો દ્વારા ઉનાળાની ઋતુ દરમ્યાન શટ-ડાઉનનો વિરોધ થયેલ છે, જેથી વિલંબીત કામગીરી ૧૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. | નિકાલ થયેલ છે. |